તા. ૨૮-૦૫-૨૦૨૪

ગુજરાત સમાચાર, પાના નં. ૦૨



## શનિ-રવિ સિવાયના દિવસે પણ મુસાફરોનો ધસારો

# મેટ્રોમાં દૈનિક મુસાફરોનો આંક પ્રથમવાર એક લાખને પાર

અમદાવાદ,શુક્રવાર

અમદાવાદ મેટ્રોમાં મેચ કે જાહેર રજા સિવાયના દિવસો સિવાય પ્રથમવાર દૈનિક મુસાફરોનો આંક ૧ લાખને પાર થયો છે. હાલ ચાલુ દિવસ દરમિયાન સરેરાશ ૯૩ હજારથી ૧ લાખ જ્યારે શનિ-રવિ-રજાઓ દરમિયાન ૭૫ હજારથી ૮૦ હજાર મુસાફરો નોંધાય છે.

## આઈપીએલના લીગ રાઉન્ડની ૭ મેચમાં મેટ્રોમાં કુલ ૮.૯૯ લાખ મુસાફરો નોંધાયા

અમદાવાદ મેટ્રો ફેઝ-૧નું ઉદ્‌ઘાટન ૨૯સપ્ટેમ્બર ૨૦૨૨ના કરાયું હતું. જેમાં હાલ ૩૮.૫૭ કિલોમીટર લંબાઈમાં કુલ ૩૦સ્ટેશન કાર્યરત્ છે. ફેઝ-૧નો ઉદ્‌ઘાટન બાદ પ્રારંભિક ધસારા પછી દૈનિક મુસાફરીઓ ૩૯ હજાર આસપાસ હતી, જેમાં હવે સતત વધારો થઈ રહ્યો છે. પ્રથમ વખત આ સપ્તાહમાં મેચ કે જાહેર રજા સિવાય દૈનિક મુસાફરીનો આંક ૧ લાખને પાર થયો છે.

ઈન્ડિયન પ્રીમિયર લીગની લીગ રાઉન્ડની ૭ મેચમાં ૮.૯૯ મુસાફરો નોંધાયા હતા. જેમાં ચેન્નાઈ સુપર કિંગ્સ-ગુજરાત ટાઈન્સની મેચમાં સૌથી વધુ ૧.૫૯ લાખ મુસાફરોની અવર-જવર હતી. જે મેટ્રોમાં નોંધાયેલા સૌથી વધુ દૈનિક મુસાફરો છે. ૮ એપ્રિલથી ૧૭ મે એમ છેલ્લા ૪૦ પૈકીના મોટાભાગના દિવસમાં દરરોજ ૮૦ હજારથી વધુ મુસાફરોની અવર-જવર નોંધાય છે.

### અમદાવાદમાં આઈપીએલની મેચ વખતે મેટ્રોમાં મુસાફરો

| તારીખ | મેચ (ગુજરાત વિ.) | મુસાફરો |
|---|---|---|
| ૨૪ માર્ચ | મુંબઈ | ૧,૦૮,૭૪૦ |
| ૩૧ માર્ચ | હૈદરાબાદ | ૧,૦૯,૫૭૨ |
| ૪ એપ્રિલ | પંજાબ | ૧,૨૪,૬૮૯ |
| ૧૭ એપ્રિલ | દિલ્હી | ૧,૧૧,૪૦૦ |
| ૨૮ એપ્રિલ | બેંગલોર | ૧,૩૮,૦૪૬ |
| ૧૦ મે | ચેન્નાઈ | ૧,૫૯,૨૧૪ |
| ૧૩ મે | કોલકાતા | ૧,૪૭,૫૭૧ |
| કુલ | -- | ૮,૯૯,૨૩૨ |

### છેલ્લા ૪૦ દિવસમાં ક્યારે સૌથી વધુ મુસાફરોની અવર-જવર

| તારીખ | મુસાફરો |
|---|---|
| ૧૦ મે | ૧,૫૯,૨૧૪ |
| ૨૮ એપ્રિલ | ૧,૩૮,૦૪૬ |
| ૧૭ એપ્રિલ | ૧,૧૧,૪૦૦ |
| ૧૨ એપ્રિલ | ૧,૦૨,૩૬૯ |
| ૧૪ મે | ૧,૦૦,૮૩૦ |